# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૦/૨૦ તા. ૦૩/૦૧/૨૦૨૦

## પરિપત્ર-૧૦૫૭

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાશ્રીઓ તથા ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનુંકે આગામી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ સ્વામી વિવેકાનંદજીની ૧૫૭ મી જન્મ જયંતિ આવી રહી છે. ભારત સરકારશ્રી દ્વારા ૧૨ જાન્યુઆરીને "રાષ્ટ્રીય યુવા દિવસ" તરીકે પણ જાહેર કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ સમગ્ર વિશ્વમાં ભારતીય વિચારધારાની પ્રતીતિ કરાવનાર એવા સ્વામી વિવેકાનંદજીના વિચારો અને સંદેશ આજના યુવાઓ સુધી અસરકારક રીતે પહોચે તે માટે તા.૧૧/૦૧/૨૦૨૦ ના રોજ આપની કોલેજ/માન્ય અનુસ્નાતક કેન્દ્ર/સંસ્થા/ભવન ખાતે વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાન, ડીબેટ, વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, રાષ્ટ્રભક્તિ ગીત સ્પર્ધા, રંગોળી સ્પર્ધા વિગેરનું આયોજન કરવા તથા ઉત્સાહપૂર્વક વિદ્યાર્થીઓ આમાં જોડાય તેવા પ્રયત્નો હાથ ધરવા તેમજ આ કાર્યક્રમ અંગેના ફોટોગ્રાફ અને અહેવાલ તા.૨૦/૦૧/૨૦૨૦ સુધીમાં યુનિવર્સિટી ખાતે મોકલી આપવા વિનંતી છે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાશ્રીઓ તથા ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.